# Regular Civil Suit No. 11/2016

આંક. _____

## મુદ્દા

(૧) શું વાદી પુરવાર કરે છે કે મોજે લીમોદરા, તા. માંગરોલ ની બ્લોક નં. ૩૨૭, ૩૩૦ અને ૮૦ વાળી દાવાવાળી જમીનો વાદીના વડીલ છીતાભાઇ ગણેશભાઇ પટેલની માલીકીની ચાલી આવેલ ?

(૨) શું વાદી પુરવાર કરે છે કે સદર દાવાવાળી જમીનોમાં તેમના પિતા કલ્યાણભાઇ છીતાભાઇ પટેલ (પ્રતિવાદી નં.૧) નો વારસાઇ હકકે ૧/૬ વણવહેંચાયેલ અવિભાજ્ય હકક હિસ્સો આવેલ છે ?

(૩) શું વાદી પુરવાર કરે છે કે તેઓ પ્રતિવાદી નં.૧ કલ્યાણભાઇ છીતાભાઇ પટેલના સીધીલીટીના કાયદેસરના વારસદાર હોઇ સદર દાવાવાળી જમીનોમાં વાદીનો વણવહેંચાયેલ અવિભાજ્ય હકક હિસ્સો હોઇ વાદી સદર દાવાવાળી જમીનોના સહમાલીક અને કબજેદાર બનેલ છે ?

(૪) શું વાદી પુરવાર કરે છે કે દાવાવાળી બ્લોક નં.૮૦ વાળી જમીન પ્રતિવાદી નં. ૧, ૬, ૯ અને ૧૦ નાએ સાથે રહી પ્રતિવાદી નં.૧૨ અને ૧૩ ને તારીખ ૧૫.૧૨.૨૦૧૦ ના રોજ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે તેમાં વાદીની સંમતી ન હતી અને સદર વેચાણ દસ્તાવેજ ખોટો, ગેરકાયદેસરનો, બીન અવેજી, બીનઅમલી અને નિરર્થક છે ?

(૫) શું વાદી પુરવાર કરે છે કે દાવાવાળી બ્લોક નં.૩૨૭ વાળી જમીન પ્રતિવાદી નં. ૨ નાએ સાથે રહી પ્રતિવાદી નં.૧૪ અને ૧૫ ને તારીખ ૨૯.૧૦.૨૦૧૩ ના રોજ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે તે દાવાવાળી જમીનમાં વાદીનો પણ હકક હિસ્સો હોઇ વેચાણ દસ્તાવેજ થી પ્રતિવાદી નં.૧૪ અને ૧૫ ને સદર જમીનમાં કોઇ હકક કે અધિકાર પ્રાપ્ત થતો નથી ?

(૬) શું વાદી પુરવાર કરે છે કે દાવાવાળી બ્લોક નં.૮૦ વાળી જમીન પ્રતિવાદી નં. ૧૨ અને ૧૩ નાએ તારીખ ૪.૧૨.૨૦૧૩ ના રોજ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ થી પ્રતિવાદી નં.૧૬ ને વેચાણ કરેલ છે તે વેચાણ દસ્તાવેજથી પ્રતિવાદી નં.૧૬ ને સદર જમીનમાં કોઇ હકક કે અધિકાર પ્રાપ્ત થતો નથી ?

(૭) શું વાદી પુરવાર કરે છે કે બ્લોક નં. ૩૨૭, ૩૩૦ અને ૮૦ વાળી દાવાવાળી જમીનો વડીલોપાર્જીત જમીનો હોઇ તેમાં વાદી અને પ્રતિવાદી નં. ૧ થી ૫ નાઓનો એકસમાન વણવહેંચાયેલ હકક, હીત હિસ્સો માલીકી કબજો ભોગવટો વપરાશ સતત ચાલી આવેલ છે ?

(૮) શું પ્રતિવાદી નં.૧૬ પુરવાર કરે છે કે દાવાવાળી બ્લોક નં.૮૦ વાળી જમીન પ્રતિવાદી નં.૧ નાએ તેમની હયાતીમાં અન્ય સહમાલીકો સાથે પ્રતિવાદી નં.૧૨ અને ૧૩ ને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી આપેલ હોઇ સને ૨૦૦૫ ના હિન્દુ વારસાધારાના સુધારા પછી દાવાવાળી જમીનમાં વાદીને કોઇ હકક હિસ્સો મળવાપાત્ર થતો નથી ?

(૯) શું પ્રતિવાદી નં.૧૬ પુરવાર કરે છે કે તેઓએ દાવાવાળી બ્લોક નં.૮૦ વાળી જમીન વેચાણ અવેજની રકમ પ્રતિવાદી નં. ૧૨ અને ૧૩ નાઓને ચુકવીને ખરીદ કરેલ છે અને તે રીતે તેઓ સદર દાવાવાળી જમીનના બોનાફાઇડ પરચેઝર છે અને પ્રતિવાદી નં.૧૨ અને ૧૩ ના સદર જમીન ઉપર કોઇ માલીકી કબજાના હકકો રહેલ નથી?

(૧૦) શું વાદી પુરવાર કરે છે કે તેઓ ખેડખાતાની જમીનોમાંથી થયેલ આવક ખર્ચનો છેલ્લા ત્રણ વર્ષનો હિસાબ માંથી તેમના હિસ્સાની રકમ પ્રતિવાદી નં.૧ અને ૨ પાસેથી મેળવવા હકકદાર છે ?

(૧૧) શું વાદી પુરવાર કરે છે કે દાવાવાળી વડીલોપાર્જીત જમીનોમાં તેઓનો કાયદેસરનો ૧/૬ હકક હિસ્સો આવેલ છે ?

(૧૨) શું વાદી દાવા અરજીમાં માંગ્યા મુજબની દાવાવાળી જમીનોની વહેંચણી કરી માંગ્યા મુજબ હકક હિસ્સો મેળવવા હકકદાર છે ?

(૧૩) શું વાદી દાવા અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

(૧૪) શું હુકમ અને હુકમનામું ?

તારીખ. ૩૦/૧૨/૨૦૨૨

( રાજેન્દ્ર ઘનશ્યામભાઇ બારોટ )
પ્રિન્સીપાલ સિનીયર સીવીલ જજ
માંગરોલ, જી. સુરત
Judge Code : GJ00572